
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હુ એકલો જ છું... કોરોનામાં બધા એક્સપાયર્ડ થઈ ગયા અને હજુ જે જીવતા છે એ બધા હીલ સ્ટેશન પર ગયા છે...!!

# સખત બફારા વચ્ચે શહેરમાં વરસાદી ઝાપટા

ગાંધીનગરના આકાશમાં ઘેરાઈને આવતા કાળા ડિબાંગ વાદળોને જોઈ એવુ થઈ જાય છે કે હમણાં ધોધમાર વરસાદ તુટી પડશે અને શહેર આખુ પાણી પાણી થઈ જશે પરંતુ આકાશમાં ઘેરાયેલા વાદળો જરાક વરસીને જતાં રહે છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં માત્ર ૪.૫ મી.મી. જેટલો વરસાદ વરસતા જરાય ઠંડક થઈ નથી. વળી બફારો ખૂબ વધી જતાં વસાહતીઓ પરેશાન થઈ ચૂક્યા છે.

જુલાઈ મહિનો અડધો થવા આવ્યો પરંતુ હજુ ગાંધીનગરમાં જોઈએ તેવો વરસાદ પડતો નથી. વરસાદી માહોલ ચોક્કસ છવાય છે પરંતુ વરસાદ વરસતો નથી. છેલ્લા એક અઠવાડીયાથી શહેરના





આકાશમાં વાદળોની અવરજવર ચાલુ રહી છે. ક્યારેક ખૂબ જ કાળા વાદળો ઘેરાઈ આવે છે પરંતુ વાદળો ટકતા નથી. થોડીક જ વારમાં એકાદ-બે ઝાંપટા અમુક વિસ્તારમાં નાંખીને વાદળો વિખેરાઈ જાય છે. ક્યારેક મોડી રાત્રે તો ક્યારેક વહેલી સવારે વાદળો ઘેરાઈ આવે છે. છુટાછવાયા ઝાંપટા બાદ વાદળો વિખેરાઈ જાય છે અને તડકો નીકળે છે. ઉઘાડ નીકળતા જ જાણે બફારો આકરો બને છે. આજે સવારે તડકો નીકળ્યા બાદ બફારો ખુબ જ વધ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખુબ વધારે હોવાથી વસાહતીઓ અકળાઈ ઉઠ્યા હતા. બપોરના સમયે આકાશમાં એકાએક વાદળો ઘેરાઈ આવ્યા હતા, હળવુ ઝાંપટુ પડ્યુ હતુ.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં એક તરફ પરિણામ અને બીજી તરફ સ્પર્ધાત્મક પરીક્ષાનો માહોલ હોવાથી નગરજનો સતત ચિંતાતુર જોવા મળ્યા હતા.
- કલોલ શહેરમાં કોલેરાની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે જો કે હજુ ૧૨ જેટલા ટેન્કરો દ્વારા ૧૫ થી વધુ સોસાયટીઓમાં પેયજળનો પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

આજે મહિનાનો ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્ર આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહેશે. ગુગલ મીટથી જિલ્લા સંકલન સમિતિની બેઠક મળશે.

- શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ આજે યોજેલી વિડીયો કોન્ફરન્સ થકીની સમીક્ષા બેઠકમાં નગરના વિકાસને વધુ વેગીલો બનાવવામાં આવશે તેવા સંકેતો આપ્યા હતા.
- ગાંધીનગર-વરેઠી મેમુ ટ્રેન કલોલ રેલ્વે સ્ટેશને પહોંચી ત્યારે પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, પ્રાંત અધિકારી જોશી, તાલુકા વિકાસ અધિકારી સુશ્રી મીનાબેને તેનુ સ્વાગત કર્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૮૭૨૨ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૬૩૦૦ જેટલા લોકોને અને શહેરમાં ૨૫૨૨ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે આજે યોજાયેલ કાર્યક્રમમાં થર્મલ સ્કીનીંગ માટે મનપાએ એક ટીમ તેમજ ટેસ્ટીંગ માટે બે ટીમ રાખી હતી જ્યારે કલોલ ખાતે જિલ્લાતંત્રએ પણ બે ટીમ રાખી હતી.
- દહેગામ તાલુકા કો.ઓ. પ્રોસેસીંગ નામની સહકારી સંસ્થા દ્વારા ભાડા-પટ્ટાની જમીન પચાવી પાડવાને લઈ લેન્ડ ગ્રેબીંગ એક્ટ અંતર્ગત ફરિયાદ દાખલ થતાં સહકારી જગતમાં ચર્ચાઓ જાગી છે.

# શહેરના રખડતા ઢોરના ત્રાસથી નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૧૬

પાંચ દાયકા બાદ પાટનગરનો રોકેટ ગતિએ વિકાસ થઈ રહ્યો છે. શહેરના સ્માર્ટ સીટી બનાવવા કરોડો રૂપીયા ખર્ચાય છે. તેમ છતા શહેરને સ્પર્શતા પ્રશ્નોનો ઉકેલ તંત્ર દ્વારા આવતો નથી. શહેરમાં દબાણ અને રખડતા ઢોરનો પ્રશ્ન મુખ્ય છે. રખડતા ઢોર ગમે ત્યારે માર્ગ વચાળે આવી જતા અકસ્માત પણ સર્જાય છે. જયારે સેકટરોમાં આખલાઓના આંતકથી વાહનોને પણ નુકશાન



પહોંચે છે. ત્યારે શહેરને ઢોરમુકત કરવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

શહેરમાં પશુમાલિકો દ્વારા પશુઓને છુટ્ટા મુકી દેવામાં આવે છે. ચોમાસાની સિઝનમાં પશુઓ રોડ પર અડીંગો જમાવી બેસી જાય છે. ત્યારે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આખલાઓ સેકટરોમાં આતંક મચાવતા નાગરીકોના વાહનોને પણ ભારે નુકશાન પહોચાડે છે. તો બીજી તરફ ઢોરને પગલે સેકટરોમાં ગંદકીનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું છે. શહેરના ખુલ્લા માર્ગો પર ગમે ત્યારે ઢોર આવી જતા અકસ્માત પણ સર્જાતા નગારીકો ઘાયલ થાય છે. ત્યારે મનપા દ્વારા ઢોર પકડ પાર્ટી પણ રખડતા ઢોર પકડીને થાકી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ઢોર પકડવાની કામગીરી કરતા કર્મચારીઓ પર પણ ઢોર માલિકો હુમલા કરે છે.

## અડાલજ પાસેથી જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન અન્નપૂર્ણા સર્કલ આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ પીકઅપ બસ સ્ટેન્ડ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડી જુગાર રમી રહેલા વેજલપુર કૃષ્ણાધામ વિભાગ-૧ બ્લોક નં. ૫૭ મ.નં.૮૧૭માં રહેતા મયુર ચેતન બોરીસા, ખોડીયાર નગર ચાણક્યપુરી ચાંદલોડીયા ખાતે રહેતો દિનેશ શકરાજી ઠાકોર, ગોતા હાઈસીંગ બ્લોક નં.૯૬ ઘર નં.૧૧૫૦ ખાતે રહેતો ચિરાગ રાજેન્દ્રભાઈ સાવકારે અને વાડા વિસ્તાર સરખેજ ગામ સ્થિત રહેતો રાહુલ બાબુભાઈ રાણાને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતીમાંથી રૂ.૩૧૬૦ અને દાવ પરથી રૂ.૧૦૭૦ મળી ને કુલ રૂ. ૪૨૩૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે એપેડેમીક ડીસીઝ એકટ અને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે સાયબેઝ આશાના 'સશક્તિકરણ કેન્દ્ર'નું ઉદ્ઘાટન

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગરના સેક્ટર-૧૯માં સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે સાયબેઝ સોફ્ટવેર કંપનીના સીએસઆર વિંગ દ્વારા સશક્તિકરણ બનાવી આપવામાં આવ્યું છે જેનું આજે સમાજ સુરક્ષા નિયામક જી. એન. નાચીયાના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયબેઝ સોફ્ટવેર કંપનીના ડિલિવરી હેડ પ્રણવ જોષી, સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમના સંચાલક સંસ્થા જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપ પરીખ, ડાયરેક્ટર અને કાઉન્સિલર દિપાલી ઉપાધ્યાય તથા પ્રિન્સિપાલ ડો.ચિરાગ ઉપાધ્યાય વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત ગાંધીનગરના સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે જરૂરીયાતમંદ વર્ગના ૩૩ શેરો પૉઝિટિવ બાળકો શિક્ષણ, તાલીમ અને આશ્રય લઈ રહ્યાં છે. આ બાળકોનો વ્યક્તિગત વિકાસ કરીને સમાજમાં તેમનું પુનઃ સ્થાપન થાય તે હેતુથી કાઉન્સેલિંગ કરવું જરુરી હોય છે જે માટે કાઉન્સેલિંગ રૂમની સંસ્થાને તાતી જરૂરિયાત હતી. નબળી



રોગપ્રતિકારક શક્તિ ધરાવતા આ બાળકોને કોરોના મહામારીના સમયમાં વ્યક્તિગત પ્રેરણા મળી રહે તે હેતુથી તેમનું સાઈકો-સોશ્યલ એસેસમેન્ટ કરી તેના ઉપયોગ થકી તેમના વ્યક્તિત્વ વિકાસ માટે પ્રયાસે કરવામાં આવે છે. આ હેતુથી સંસ્થાને સાયબેઝ સોફ્ટવેર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સીએસઆર વિન્ગના સંચાલિકા રીતુ નથાણી માર્ગદર્શન થકી 'સાયબેઝ આશા' દ્વારા 'સશક્તિકરણ કેન્દ્ર' વિકસાવી આપવામાં આવ્યું છે જેનું આજે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# 'માય નેમ ઈઝ કાલુ' સાંભળી રેડિયો જોકી શ્રમજીવી બાળકથી થયાં પ્રભાવિત

### રસ્તા પર પુસ્તકો વેચતા બાળકની પ્રતિભાથી પ્રભાવિત આરજે મેઘાનો વાયરલ વિડિયો જોઈ ગાંધીનગરના યુવાનો 'કાલુ'ની મદદે પહોંચી ગયા

ગાંધીનગર, તા.૧૬

તમે જાહેર માર્ગો તેમજ સર્કલ પર ઊભા હોવ ત્યારે અનેક બાળકો પેન, પુસ્તકો અને રમકડાં જેવી અનેક ચીજો વેચતા નજરે પડતાં હશે. જોકે આ પૈકી ઘણા બાળકો એવા હોય છે જેમની આર્થિક સ્થિતિ કપરી હોવાના કારણે તેઓને અભ્યાસ પડતો મૂકીને બે ટંકનું ભોજન મેળવવા માટે આવા કામો કરવા મજબૂર થવું પડતું હોય છે પરંતુ ગંદા ગોબરા કપડાં પહેરેલા બાળકોમાં પણ આગવું ટેલેન્ટ ભરેલું હોય છે. તાજેતરમાં રેડિયો મિર્ચીના આરજે મેઘા દ્વારા એપોલો હોસ્પિટલ બહાર રંગ પુરણી પુસ્તિકા વેચતા કાલુ નામના બાળકનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેને મદદ કરવા અપીલ કરવામાં આવી હતી જેનાં પગલે ગાંધીનગરના યુવાનોએ બાળકને શોધીને તેને આર્થિક મદદ કરવા સાથે ભણવા માટે પુસ્તકો-ચોપડા વગેરેની મદદ કરી પ્રેરક ઉદાહરણ પુરું પાડ્યું છે.



તાજેતરમાં ગાંધીનગર નજીક ઈન્દિરા બ્રીજ પાસેની એપોલો હોસ્પિટલ નજીકથી રેડિયો મિર્ચીના જાણીતા આરજે મેઘા પસાર થઈ રહ્યા હતા તે સમયે રંગ પૂરણી પુસ્તિકાઓને વેચતો એક નાનો બાળક રાહદારીઓ સમક્ષ આજીજી કરી રહ્યો હતો પણ તેની પુસ્તિકા કોઈએ ખરીદતું નહોતું. આ સમયે તે આરજે મેઘા પાસે આવી પહોંચ્યો અને આજીજીભર્યા સ્વરે પુસ્તિકા ખરીદી લેવા કાકલુદી કરવા લાગ્યો હતો. શરૂઆતમાં મેઘાએ તેના તરફ કોઈ ખાસ ધ્યાન આપ્યું નહીં, પરંતુ વારંવાર નાના બાળકના આજીજીભર્યો સ્વર સાંભળીને નજર કરતાં તેના હાથમાં અંગ્રેજી લખાણ ધરાવતી પુસ્તિકા જોઈને આરજે મેઘાએ અંગ્રેજી ભાષામાં તેનું નામ પુછતા તે બાળકે પોતાનું નામ અંગ્રેજીમાં જ સ્પેલિંગ સાથે 'કાલુ' હોવાનું જણાવ્યું હતું. આ સાંભળી બે ઘડી માટે આરજે મેઘા પણ અવાક થઈ ગઈ હતી. આ પછી આરજે મેઘાએ 'કાલુ'ને જો યોગ્ય દિશાનિર્દેશ અને આર્થિક મદદ મળી રહે તો ભવિષ્યમાં તે આગળ વધી શકે તેમ છે અને સમાજમાં પગભેર ઊભો રહી શકે છે તે વિચારીને શુભ આશયથી 'કાલુ' સાથે વાતચીતનો વિડિયો બનાવ્યો અને તેને બનતી મદદ પણ કરી હતી.



આરજે મેઘાએ 'કાલુ' નો વિડિયો પોતાના સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને 'કાલુ' ને મદદ રૂપ થવા અપીલ કરતાં આ વિડિયો સટાસટ વાઈરલ થવા લાગ્યો હતો. આ વિડિયો જોઈને ગાધીનગરના સેવાભાવી યુવાનો કાલુને શોધવા પહોંચી ગયાં હતાં અને તેને શોધીને જરૂરી મદદ પૂરી પાડી હતી.



## 'કાલુ'ને ગાંધીનગરના યુવાનોએ કરી મદદ

આ વિડિયો ગાંધીનગરના ફિઝિયોથેરાપિસ્ટ ડો. હાર્દિક તલાટીની નજરમાં આવ્યો હતો અને તેમણે તુરંત જ 'કાલુ' ને મદદ રૂપ થવા નિર્ધાર કરી પોતાના મિત્રો રાજવીર પંડ્યા અને વરૂણ દવે સાથે એપોલો હોસ્પિટલ વિસ્તારમાં શોધખોળ કરી તેઓ 'કાલુ' પાસે પહોંચી ગયા હતા. તેઓ પણ 'કાલુ' માં છુપાયેલા ટેલેન્ટ અને તેની ભણવાની ઈચ્છા જોઈ પ્રભવિત થયાં હતા. આ યુવાનોએ 'કાલુ'ને બનતી મદદ કરી તેને ભણવા માટેના પુસ્તકો-ચોપડા પૂરા પાડી પોતાનો નંબર પણ આપી ભવિષ્યમાં કોઈ પણ જરૂર પડે વિના સંકોચ સંપર્ક કરવા જણાવ્યું હતું.

### રાજ્યના દૂધ ઉત્પાદક-પશુપાલકોના વ્યાપક હિતમાં વિજયભાઇ રૂપાણીનો સંવેદનાસ્પર્શી નિર્ણય

# ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિ કિ.ગ્રામ રૂ. ૫૦ પ્રમાણે સહાય આપશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ માટે અપાતી રાજ્ય સરકારની નિકાસ સહાયમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા આ સંદર્ભમાં કરવામાં આવેલી રજૂઆતનો સાનુકૂળ પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીએ હવે FOB પ્રતિ કિ.ગ્રામ રૂ. ૧૮૦ ને બદલે રૂ. ૨૦૦ આપવાનો નિર્ણય લીધો છે.

રાજ્યના પશુપાલકોના વ્યાપક હિતમાં રાજ્ય સરકાર સ્કીમ મિલ્ક પાવડરમાં દૂધ સંઘોને આંતરરાષ્ટ્રીય બજારોમાં થતા નાણાંકીય નુકશાનને સરભર કરવા આવી નિકાસ સહાય મંજૂર કરે છે.

આ જોગવાઈ અનુસાર સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ કરવા પ્રતિ કિ.ગ્રામ રૂ. ૫૦ મહત્તમ નિકાસ સહાય ૬ મહિનાના સમયગાળા માટે રૂ. ૧૫૦ કરોડની મર્યાદામાં મંજૂર કરવામાં આવેલી હતી.

રાજ્યના દૂધ સંઘોએ આ વર્ષે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજૂઆત કરીને FOB (ફ્રેઈટ ઓન બોર્ડ) પ્રતિકિલો રૂ. ૧૮૦ થી વધારીને રૂ. ૨૦૦ કરવા તેમજ યોજનાની અવધિમાં પણ વધારો કરવા વિનંતી કરી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તદઅનુસાર ૧ જુલાઈ-૨૦૨૧ થી તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૧ સુધીના ૬ માસ માટે રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રામ સહાય મંજૂર કરી છે.

એટલું જ નહિ FOB ભાવ પરિવહન ખર્ચ સાથે રૂ. ૨૦૦ પ્રમાણે આપવાનો નિર્ણય તેમણે કર્યો છે.

મુખ્યમંત્રીએ એવું પણ સૂચવ્યું છે કે જો સ્કીમ મિલ્ક પાવડરના FOB ભાવમાં વધારો થાય તો આ વધારા જેટલી રકમની નિકાસ સહાયમાં ઘટાડો થશે. એટલે કે જો FOB ભાવ રૂ. ૨૦૦ થી વધીને રૂ. ૨૧૦ થાય તો નિકાસ સહાય રૂ. ૫૦ થી ઘટીને રૂ. ૪૦ થશે. જો FOB ભાવમાં ઘટાડો થાય તો પણ નિકાસ સહાય યથાવત એટેલે કે રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રામ જ રહેશે. આ સમગ્ર યોજના રૂ. ૧૫૦ કરોડની નાણાંકીય મર્યાદામાં મંજૂર કરવાનો નિર્ણય પણ વિજયભાઈ રૂપાણીએ કર્યો છે.

મુખયમંત્રીના આ નિર્ણયને પરિણામે સ્કીમ મિલ્ક પાવડરના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં થતી વધ-ઘટથી થતું નુકશાન પશુપાલકો સરભર કરી શકશે અને તેમને આર્થિક રાહત પ્રાપ્ત થશે.

# રૂપાલની મારામારીમાં ૮ વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૬

રૂપાલ ગામના વિષ્ણુભાઈ મણીભાઈ પટેલ ગતરોજ વહેલી સવારના સમયે ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા. તે સમયે તેમના સાળાનો દિકરો પાર્થ ખેતરમાં આવ્યો હતો અને કહેવા લાગ્યો કે ગામના છોકરી પક્ષના કેટલાક શખ્સો હાથમાં લાકડીઓ લઈને આવી રહ્યા છે. તમારો દિકરો અમારી દિકરીને ભગાડી ગયો છે. તે બંન્ને વ્યકિત કયા છે તેની મને ખબર નથી તે સમયે નાગજી ગાડાભાઈ રબારી ઉશ્કેરાઈ ગયા હતા અને અપશબ્દો બોલવા લાગ્યા હતા. જયારે તેમની સાથે રહેલા અજમલ નારાયણ રબારી અને તેની સાથે આવેલા વ્યકિતઓ હાથે પગે લાકડીઓ લઈને ફરી વળ્યા હતા. જયારે વિષ્ણુભાઈના સાળાનો દિકરો પાર્થ ભાગવા જતો હતો તેને પણ માર મારવામાં આવ્યો હતો.જેથી ગંભીર રીતે ઈજા પામી હોવાથી વિષ્ણુભાઈને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા.ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે બનાવ અંગે વિષ્ણુભાઈ પટેલ પેથાપુર પોલીસ મથકે અજમલ નારાયણ રબારી, તેજા નારાયણ રબારી, દિનેશ નારાયણ રબારી, નાગજી ગાંડાભાઈ રબારી, રાયમલ સાાગર રબારી , મોતી મોહન રબારી, જયારે તળજા રબારીનો દિકરો અને બળદેવ માલજી રબારીના દિકરા સામે ફરીયાદ નોંધવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચારેય વીજ વિતરણ કંપનીઓ સર્વશ્રેષ્ઠ સેવાઓ માટે એ-પ્લસ રેટિંગ સાથે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાને

ગુજરાત સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ; ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. એટલું જ નહીં ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલા નવમા વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં છ+(એ-પ્લસ) નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું છે.

# બોરીજમાં નવા સી સી રોડ બન્યા પરંતુ સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ્ટ

### ગામના નવાપુરા, વણજારા વાસ અને દંતાલી વાસમાં સાંજ ઢળતા જ અંધારુ

### ગ્રામજનો પરેશાન : ગામમાં સ્ટ્રીટ લાઇટના નવા પોલ નાંખવા રજુઆત

ગાંધીનગર તા ૧૬

બોરીજમાં નવા સી સી રોડ બનાવાની કામગીરીના લાંબા સમય બાદ પણ સ્ટ્રીટ લાઈટના પોલ્સ લાગ્યા નથી જેના લીધે રાત્રિના સમયે ગામના વિવિધ વાસમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. બોરીજના નવાપરા અને વણજારા વાસમાં તાત્કાલિક અસરથી સ્ટ્રીટ લાઈટ નાંખવા માટે વોર્ડ નં -૨ ના પુર્વ નગરસેવકે રજુઆત કરી છે.

ગાંધીનગરના બોરીજ ગામમાં નવા સી સી રોડ બની ગયા છે. પરંતુ હજુ સ્ટ્રીટ લાઈટનુ ઠેકાણુ પડ્યુ નથી. બોરીજના પુર્વ કાઉન્સિલર લલીતાબેન ઠાકોરે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ બોરીજના નવાપુરા તેમજ વણજારા વાસ અને દંતાલી વાસમાં આર સી સી રોડનુ કામ પુર્ણ થઈ ગયુ છે. નવા આર સી સી રોડનુ કામ પુર્ણ થયા બાદ લાંબા સમયના અંતે પણ હજુ સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવી નથી. આ મામલે પાટનગર યોજના વિભાગ સમક્ષ પણ



વારંવાર રજુઆત કરવા છતા હજુ સુધી સ્ટ્રીટ લાઈટનુ કામ પુર્ણ થયુ નથી. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. છતા હજુ માળખાગત સુવિધાઓ ઉભી કરી શકાય નથી. બોરીજમાં સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા બોરીજના સી સી રોડને અનુલક્ષી ત્વરિત સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. પુર્વ મ્યુનિકાઉન્સિલર લલીતાબેન ઠાકોરે પાટનગર યોજના વિભાગ સમક્ષ રજુઆત કરી છે.